# ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ

CIN: U75140GJ1999SGC036051

ગુજરાત સરકારનું સાહસ

રજી. ઓફિસ: બ્લોક નં. ૧, બી-૧-વીંગ, કર્મયોગીભવન, સેક્ટર-૧૦, ''ચ'' રોડ, ગાંધીનગર.

ટેલી. ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૪૬૧૨૬/૨૭/૨૮

Website:- www.gudcltd.com E-mail:- contact@gudclt.com


## ઝેરોક્ષ, પ્રિન્ટીંગ, લેમિનેશન, સ્કેનીંગ, બાઇન્ડીંગ તથા સ્ટેમ્પીંગની કામગીરી માટેનું ભાવપત્રક

(૧) એજન્સીનું નામ :

(૨) એજન્સીના અધિકૃત વ્યક્તિનું નામ:

(૩) સરનામું :

(૪) ફોન/મોબાઇલ નં:

(૫)* વ્યવસાય રજીસ્ટ્રેશન નંબર :
(શોપ્સ & એસ્ટા. એક્ટ મુજબનું)

(૬)* વ્યવસાયમાં જોડાયાનું વર્ષ :

(૭)* છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક ટર્નઓવરની વિગતો
(અ) વર્ષ ૨૦૧૮–૧૯ :
(બ) વર્ષ ૨૦૧૯–૨૦ :
(ક) વર્ષ ૨૦૨૦–૨૧ :

(૮)* આવકવેરા હેઠળ નોંધાયેલ PAN નંબર :

(૯)* GST નંબર :

- **(ઉપરોક્ત રીતે મુદ્દા નં. ૫ થી ૯ ને લગતા જરૂરી આધાર પુરાવા બિડાણ કરવાના રહેશે અથવા ભરેલ ભાવપત્રક રદબાતલ ગણવામાં આવશે.)**



**એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો**

| Statement showing comparative rates for Xerox / Printing / Scanning / Lamination / Binding Works. | | | |
|---|---|---|---|
| Sr. No | Type Of Work | Unit | (RS) |
| **XEROX WORKS** | | | |
| 1 | A4 B/W XEROX 75 Gsm (Single Side) | PAGE | |
| 2 | A4 B/W XEROX 75 Gsm (Double Side) | PAGE | |
| 3 | A4 B/W XEROX (ON THICK PAPER) 100 Gsm (Single Side) | PAGE | |
| 4 | A4 B/W XEROX (ON THICK PAPER) 100 Gsm (Double Side) | PAGE | |
| 5 | A4 B/W XEROX (ON COLOR PAPER) 75 Gsm (Single Side) | PAGE | |
| 6 | A4 B/W XEROX (ON COLOR PAPER) 75 Gsm (Double Side) | PAGE | |
| 7 | Legal B/W XEROX 75 Gsm (Single Side) | PAGE | |
| 8 | Legal B/W XEROX 75 Gsm(Double Side) | PAGE | |
| 9 | Legal B/W XEROX (ON THICK PAPER) 100 Gsm (Single Side) | PAGE | |
| 10 | Legal B/W XEROX (ON THICK PAPER) 100 Gsm(Double Side) | PAGE | |
| 11 | Legal B/W XEROX (ON COLOR PAPER) 75 Gsm (Single Side) | PAGE | |
| 12 | Legal B/W XEROX (ON COLOR PAPER) 75 Gsm(Double Side) | PAGE | |
| 13 | A3 B/W XEROX 75 Gsm | PAGE | |
| 14 | A3 B/W XEROX (ON THICK PAPER) 100 Gsm | PAGE | |
| 15 | A3 B/W XEROX (ON COLOR PAPER) 75 Gsm | PAGE | |
| 16 | A4 COLOUR XEROX 100 Gsm | PAGE | |
| 17 | A4 COLOUR XEROX (ON THICK PAPER) 170 Gsm | PAGE | |
| 18 | A4 COLOUR XEROX 250 Gsm | PAGE | |
| 19 | A3 COLOUR XEROX 100 Gsm | PAGE | |
| 20 | A3 COLOUR XEROX (ON THICK PAPER) 170 Gsm | PAGE | |
| 21 | A3 COLOUR XEROX 250 Gsm | PAGE | |
| 22 | DIGITAL PLAN XEROX PER SQ.FT(ON PAPER) | SQ.FT | |
| 23 | DIGITAL PLAN XEROX PER SQ.FT(ON TRACING) | SQ.FT | |
| **PRINTING WORKS** | | | |
| 1 | A4 B/W PRINT 75 Gsm (Single Side) | PAGE | |
| 2 | A4 B/W PRINT 75 Gsm (Double Side) | PAGE | |
| 3 | A4 B/W PRINT (ON THICK PAPER) 100 Gsm (Single Side) | PAGE | |
| 4 | A4 B/W PRINT (ON THICK PAPER) 100 Gsm (Double Side) | PAGE | |
| 5 | A4 B/W PRINT (ON COLOR PAPER) 75 Gsm (Single Side) | PAGE | |
| 6 | A4 B/W PRINT (ON COLOR PAPER) 75 Gsm (Double Side) | PAGE | |
| 7 | Legal B/W PRINT 75 Gsm (Single Side) | PAGE | |
| 8 | Legal B/W PRINT 75 Gsm (Double Side) | PAGE | |
| 9 | Legal B/W PRINT (ON THICK PAPER) 100 Gsm (Single Side) | PAGE | |
| 10 | Legal B/W PRINT (ON THICK PAPER) 100 Gsm (Double Side) | PAGE | |
| 11 | Legal B/W PRINT (ON COLOR PAPER) 75 Gsm (Single Side) | PAGE | |
| 12 | Legal B/W PRINT (ON COLOR PAPER) 75 Gsm (Double Side) | PAGE | |
| 13 | A3 B/W PRINT 75 Gsm | PAGE | |
| 14 | A3 B/W PRINT (ON THICK PAPER) 100 Gsm | PAGE | |
| 15 | A3 B/W PRINT (ON COLOR PAPER) 75 Gsm | PAGE | |
| 16 | DIGITAL PLAN PRINT PER SQ.FT(ON PAPER) | SQ.FT | |
| 17 | DIGITAL PLAN PRINT PER SQ.FT(ON TRACING) | SQ.FT | |
| 18 | DIGITAL PLAN PRINT PER SQ.FT(ON THICK PAPER) | SQ.FT | |
| 19 | A4 COLOUR PRINT 100 Gsm | PAGE | |
| 20 | A4 COLOUR PRINT(ON THICK PAPER) 170 Gsm | PAGE | |
| 21 | A4 COLOUR PRINT 250 Gsm | PAGE | |



એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો

| Statement showing comparative rates for Xerox / Printing / Scanning / Lamination / Binding Works. | | | |
|---|---|---|---|
| **Sr. No** | **Type Of Work** | **Unit** | **(RS)** |
| 22 | A3 COLOUR PRINT 100 Gsm | PAGE | |
| 23 | A3 COLOUR PRINT (ON THICK PAPER) 170 Gsm | PAGE | |
| 24 | A3 COLOUR PRINT 250 Gsm | PAGE | |
| 25 | COLOUR PLOTTING PER SQ.FT. | SQ.FT | |
| 26 | COLOUR PLOTTING PER SQ.FT.(ON THICK PAPER) | SQ.FT | |
| 27 | COLOUR PLOTTING PER SQ.FT.(ON FOOTO PAPER) | SQ.FT | |
| **SCANNING WORKS** | | | |
| 1 | A4 B/W SCAN | PAGE | |
| 2 | A3 B/W SCAN | PAGE | |
| 3 | A4 COLOUR SCAN | PAGE | |
| 4 | A3 COLOUR SCAN | PAGE | |
| 5 | B/W ROLLER SCAN PER SQ .FT. | SQ.FT | |
| 6 | COLOUR ROLLER SCAN PER SQ. FT | SQ.FT | |
| **LAMINATION WORKS** | | | |
| 1 | A4 LAMINATION | PAGE | |
| 2 | A3 LAMINANATION | PAGE | |
| 3 | A4 LAMINATION (THICK) | PAGE | |
| 4 | A3 LAMINANATION (THICK) | PAGE | |
| 5 | ROLL TO ROLL LAMINATION (PER SQ. INCH) | SQ.FT | |
| **BINDING WORKS** | | | |
| 1 | A4 SPIRAL BINDING (1-100 PAGES) | 1 | |
| 2 | A4 SPIRAL BINDING (100 -300 PAGES)JUMBO | 1 | |
| 3 | A3 SPIRAL BINDING (1-100 PAGES) | 1 | |
| 4 | A3 SPIRAL BINDING (100 -300 PAGES) JUMBO | 1 | |
| 5 | A4 COMB BINDING(1-100 PAGES) | 1 | |
| 6 | A4 WIRE-O BINDING (1-100 PAGES) | 1 | |
| **STAMP WORK** | | | |
| 1 | 1- LINE RUBBER STAMP | 1 | |
| 2 | 2-LINE RUBBER STAMP | 1 | |
| 3 | 3-LINE RUBBER STAMP | 1 | |
| 4 | 4-LINE RUBBER STAMP | 1 | |
| 5 | 5-LINE RUBBER STAMP | 1 | |
| 6 | 6-LINE RUBBER STAMP | 1 | |
| 7 | 7-LINE RUBBER STAMP | 1 | |
| 8 | SELF/AUTO INK STAMP (Up to SIX LINE) | 1 | |
| 9 | SELF/AUTO INK STAMP (REFILLING) | 1 | |
| **CD WRITING WORK** | | | |
| 1 | CD WRITING | 1 | |
| 2 | DVD WRITING | 1 | |
| 3 | CD / DVD COVER | 1 | |
| 4 | CD/ DVD MULIT COLOUR STICKER | 1 | |
| 5 | CD/ DVD BLACK AND WHITE STICKER | 1 | |

**નોંધ :** આ ભાવપત્રક સાથે રૂા.૫૦૦/– ની રકમનો ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટ "**Gujarat Urban Development Company Limited**"ના નામે આ પત્રક સાથે બિડાણ કરવાનો રહેશે અને જે રકમ નોન–રીફન્ડેબલ રહેશે. સદર રકમના ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટ વગરનું ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહીં.



**એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો**

**શરતોઃ**

(૧) ભાવ ભરનાર એજન્સીએ ભાવપત્રક સાથે રૂા.૨૦,૦૦૦/- ની ઈ.એમ.ડી. (બાનાની રકમ) ની રકમનો કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનો ગાંધીનગર ખાતે ચૂકવવાપાત્ર બેંકર્સ ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટ "ગુજરાત શહેરી વિકાસ કંપની લિ." ના નામનો બિડાણ કરવાનો રહેશે. ઈ.એમ.ડી. (બાનાની રકમ) વગરના ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહી. જીયુડીસીના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ભાવપત્રકના સૌથી ઓછા ભાવે મંજૂર કરવામાં આવ્યા બાદ, જે એજન્સીના ભાવો સૌથી નીચા હશે, તે સિવાયની અન્ય એજન્સીઓને તેઓએ ભરેલ ઈ.એમ.ડી (બાનાની રકમ) એક માસની અંદર પરત કરવામાં આવશે.

(૨) સિક્યોરીટી ડીપોઝીટની રકમ પેટે રૂા. ૨૦,૦૦૦/- રહેશે. જે એજન્સીના ભાવો મંજૂર થયા હશે તેઓએ ભરેલ ઈ.એમ.ડી. (બાનાની રકમ) ની રકમ સિક્યોરીટી ડિપોઝીટમાં ફેરબદલ કરવામાં આવશે. સદર રકમ કરારની મુદત પૂર્ણ થયાના એક મહિના બાદ, કામગીરી સંતોષકારક જણાયે અને બીલ સરભર થયેથી, એજન્સીને પરત ચૂકવવામાં આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહીં.

(૩) અત્રેથી સંબંધિત એજન્સીને ભાવ મંજૂર થયા અંગેની લેખિત જાણ કર્યા તારીખથી દિન-૧૦ (દશ)માં રૂા.૩૦૦/-ના જેતે એજન્સીએ તેમની સંસ્થાના નામનો સ્વ-ખર્ચે નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ ખરીદી અથવા ફ્રેકીંગ કરાવી, જરૂરી કરારખત કરાવી, અત્રેથી વર્ક ઓર્ડર મેળવી લેવાનો રહેશે. આમ, કરવામાં વિલંબ થશે તો કોઇપણ જાતની રજૂઆતોને ધ્યાને લીધા વિના, મંજૂર થયેલ ભાવો એક તરફથી રદ કરી, ઇ.એમ.ડી. તરીકે જમા કરાવેલ રકમ રૂા.૨૦,૦૦૦/- જપ્ત કરવામાં આવશે.

(૪) એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહીં અને સક્ષમ સત્તા/કચેરીની પૂર્વ મંજૂરી સિવાય એજન્સી અન્ય કોઈ એજન્સીને આ કામ તબદીલ કરી શકશે નહીં.

(૫) જો એજન્સી આ સેવા સંતુષ્ઠ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નીવડે અને જીયુડીસી કચેરીને તેની સદરહુ સેવાઓથી અસંતોષ થાય તો એજન્સીની સીક્યોરિટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તેમની સાથે સદરહુ કામગીરી અંગેનો થયેલ કરાર સમાપ્ત કરાશે, જે માટે તેને કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય ૧૫ (પંદર) દિવસની લેખિત નોટિસ આપવામાં આવશે. જીયુડીસી કચેરી આ કારણે થયેલ ખર્ચ, નુકસાન કે અન્ય કોઈપણ મુશ્કેલી માટે જવાબદાર રહેશે નહીં. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહીં. આ સંજોગોમાં જીયુડીસીને અન્ય એજન્સીને મંજૂર થયેલ ભાવો, શરતો અને બોલીઓએ નિયુક્ત કરવાનો અબાધિત અધિકાર રહેશે.

(૬) એજન્સીએ ભરેલ ભાવો, ભાવપત્રક ખોલ્યા બાદ ૬૦ દિવસ સુધી માન્ય રહેશે, આ સમય દરમિયાન એજન્સી તેની ઓફર પરત ખેંચી શકશે નહીં અથવા તો તેમાં કોઈ સુધારો કરી શકશે નહીં, જો એજન્સી દ્વારા આમ કરવામાં આવશે તો તેમની ઈ.એમ.ડી. (બાનાની રકમ) જપ્ત કરવામાં આવશે અને સદર એજન્સી ઉપર્યુક્ત કામગીરી કરવા સક્ષમ નથી તે મુજબ ભવિષ્યમાં ધ્યાને લેવામાં આવશે.

(૭) એજન્સીએ ભાવ પત્રકમાં થયેલ સુધારા-વધારાની બાજુમાં તેમજ ભાવપત્રકના દરેક પેજ ઉપર અધિકૃત વ્યક્તિના સહી/સિક્કા અવશ્ય કરવાના રહેશે.

(૮) સદરહુ ભાવો કરારખતમાં દર્શાવેલ તારીખથી એક વર્ષ સુધી માન્ય રહેશે. કરારની અવધિ દરમિયાન કામગીરી સંતોષકારક જણાશે તો કરારની અવધિ બન્ને પક્ષકારોની સમજૂતિથી વધુ એક વર્ષ લંબાવી શકશે. જરૂર જણાય જે તે વખતે ગુજરાત શહેરી વિકાસ કંપની આ સમયગાળામાં અને શરતોમાં ફેરફાર કરી શકશે.



**એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો**

(૯) અત્રેની કચેરીએથી જાણ કરવામાં આવતા એજન્સીએ કરવાની થતી સદરહુ કામગીરી કચેરીએથી ૩૦ મિનિટમાં મેળવી લેવાની તેમજ સદરહુ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરી કચેરીએ પહોંચાડવાની સ્વ–ખર્ચે વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૦) કંપની દ્વારા ઘણીવાર વહેલી સવારે, મોડી રાત્રે તથા જાહેર રજાના દિવસોમાં પણ કામગીરી કરાવવાની થતી હોઇ, તે સંજોગોમાં એજન્સીને ફોન પર સુચના આપવામાં આવે કે તુરત કચેરીએથી કામગીરી મેળવી લઇ, જણાવવામાં આવે તે સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરીને કંપનીમાં સંતોષકારક રીતે સોંપવાની રહેશે, જો આપની એજન્સીમાં રજા રાખેલ હોય કે દુકાન બંધ કરી હોય તો પણ કામગીરી માટેની જે તે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે. આ માટેનો કોઇ અલગથી ચાર્જ આપવામાં આવશે નહીં.

(૧૧) જે તે કામગીરી સોંપવામાં આવે તે અંગેની ડીલીવરી મેમોમાં કામની સંપૂર્ણ વિગતો સાથે જે તે અધિકારી / કર્મચારીના નામ, હોદ્દો અને સહી મેળવી લેવાની રહેશે અને તે ડીલીવરી મેમો બિલ રજુ કરવામાં આવે ત્યારે બિલ સાથે જોડવાની રહેશે. અસ્પષ્ટ વિગતો અને ડીલીવરી મેમો સિવાયના બિલ સ્વીકારવામાં આવશે નહીં.

(૧૨) બિલ રજૂ કરતી વખતે લાગુ પડતો ટેક્ષ અલગથી આકારવાનો રહેશે તેમજ બિલ રજૂ કરવાનું રહેશે. જીયુડીસી કચેરીએ ચુકવણા અર્થે રજૂ કરેલ બિલોમાંથી કાયદાકીય જરૂરી કપાત કરી ચુકવણું કરવામાં આવશે.

(૧૩) એજન્સીને સોંપવાની થતી કામગીરી અંગે જાણ કરવા માટેના લેન્ડલાઇન નંબર તથા અધિકૃત વ્યક્તિઓના મોબાઇલ નંબર અત્રે આપવાના રહેશે. આમ છતાં, જો એજન્સીનો સંપર્ક થઇ શકશે નહીં તો સમય–મર્યાદાની કામગીરી અન્યત્ર કરાવી લેવામાં આવશે અને તે અંગેનું બિલ એજન્સીના બિલમાંથી/ડિપોઝીટમાંથી કપાત કરવામાં આવશે.

(૧૪) જો એજન્સી દ્વારા ભાવપત્રકમાં ભરવાના થતા ભાવો અંગે અધૂરી માહિતી ભરેલ હશે અથવા માંગ્યા મુજબના દસ્તાવેજી પુરાવા ભાવપત્રક સાથે રજૂ કરેલ નહીં હોય તો સદરહુ ભાવપત્રક અપૂરતું ગણી રદબાતલ ગણવામાં આવશે, આ બાબતે કોઇપણ પ્રકારની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૧૫) નવા ભાવપત્રક મંગાવવાના થાય તેવા સંજોગોમાં, કરારનો સમયગાળો પૂર્ણ થયા બાદ, જીયુડીસી તેની જરૂરિયાતને ધ્યાને રાખી, થયેલ કરારખતની અવધી કરારમાં જણાવેલ શરતોને આધિન વધુ ૩ (ત્રણ) માસની મર્યાદામાં લંબાવી શકશે.

(૧૬) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો, એજન્સીએ ૩ માસની લેખિત નોટિસ આપવાની રહેશે. તે પરિસ્થિતિમાં તેની સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. આ સંજોગોમાં જીયુડીસીને અન્ય એજન્સીને મંજૂર થયેલ ભાવો, શરતો અને બોલીઓએ નિયુક્ત કરવાનો અબાધિત અધિકાર રહેશે.

(૧૭) એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઈ હક્ક/દાવો રહેશે નહીં. આમ છતાં, એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગતા હોય તો કરારના સમયગાળા સુધી અથવા કંપનીની જરૂરિયાત જે બે માંથી વહેલી હશે તે મુજબ જીયુડીસીને લેખિતમાં જણાવી સદર કામગીરી ચાલુ રાખી શકાશે.

(૧૮) MSME (Micro Small and medium enterprises) હેઠળ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવી એજન્સીઓએ ભાવપત્રક સાથે સદરહુ પ્રમાણપત્ર અવશ્ય બિડાણ કરવાનું રહેશે.



**એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો**

(૧૯) ભરેલ ભાવપત્રક **તા.૨૭/૧૦/૨૦૨૧** ના રોજ કચેરી સમય સુધીમાં પહોંચે તે રીતે સીલ બંધ કવરમાં ફક્ત રજી. એડી./સ્પીડ પોસ્ટથી જ મોકલવાના રહેશે. ત્યાર બાદ મળેલ ભાવપત્રકો તેમજ અન્ય કોઈપણ માધ્યમથી મોકલી આપેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં. **(કવર ઉપર ''ઝેરોક્ષ/ પ્રિન્ટિંગ કામનું ભાવપત્રક'' ફરજીયાત દર્શાવવાનું રહેશે.)**

(૨૦) સદર કામગીરીના બાબતે જો કોઇ વાદ વિવાદ ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં વહીવટી સંચાલકશ્રી, જીયુડીસીનો નિર્ણય આખરી રહેશે અને જે બંને પક્ષકારોને માન્ય રહેશે.

(૨૧) એજન્સીને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

(૨૨) શરતી ભાવપત્રક માન્ય ગણાશે નહીં અને રદબાતલ ગણાશે.

(૨૩) કોઈપણ પ્રકારના વિવાદ માટે ન્યાયનું ક્ષેત્ર ગાંધીનગર (ગુજરાત) રહેશે.

ઉપરોક્ત તમામ બોલીઓ અને કામગીરીની શરતો મેં / અમે વાંચી છે અને હું / અમે બરાબર સમજ્યા છીએ. ઉપરોક્ત ભાવપત્રકમાં નિર્દિષ્ટ કામનો પ્રકાર અને પદ્ધતિ પણ વાંચી સમજીને સ્વીકારીએ છીએ. આ સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પદ્ધતિનો કોઈપણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વીકાર કરૂ છું / કરીએ છીએ અને આ ભાવપત્રક ભર્યું છે.

**તારીખ:**

**સ્થળ:** **એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો**